Booklet Type **C**

Signature of Invigilators

1. ................................

2. ................................

# Paper I

Booklet No. 0399

Roll No. ☐☐☐☐☐

(In figures as in Admit Card)

Roll No. ................................

................................

(In words)

**JY—04**

ICR Answer Sheet No. ☐☐☐☐☐

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page. Write your ICR Answer Sheet No. in the space provided for Answer Sheet No. on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong Method A or **A**
4. Your responses to the items for this paper are to be indicated on the Answer Sheet under paper I only.
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

SEAL

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો. ઉપર દર્શાવેલ Answer Sheet No. ની જગ્યામાં તમારો ICR Sheet No. લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવિકલ્પીય ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : **A** ખોટી રીત : A , **A**

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ Answer Sheet ના Paper I વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા રૂમની બહાર લઈ જવું નહીં.

## PAPER-I
## પ્રશ્નપત્ર-I

*Note* : This paper contains **fifty (50)** multiple-choice questions, each question carrying **two (2)** marks. Attempt *All* the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં ૫૦ બહુવિકલ્પીય પ્રશ્નો છે. દરેકના **બે** ગુણ છે. બધા જ પ્રશ્નોના જવાબ આપો.

**Directions (Q. Nos. 1 to 5) :**

Read the para :

Some matters do not decompose. Some matters take longer time to decompose. All plants decompose. All creepers are plants. Plastics decompose in longer time. Animals decompose in longer time.

Which of the following statement(s) *strictly* do not flow from above given statements ?

1. (A) Plants are matter
   (B) Everything decomposable is matter
   (C) Animals are matters
   (D) All of the above

2. (A) Creepers decompose
   (B) Creepers are matters
   (C) Some creepers are not animals
   (D) None of the above

3. (A) Plastics are matters
   (B) What takes longer time to decompose is matter
   (C) Creepers decompose
   (D) All of the above

4. (A) What decomposes in longer time is matter
   (B) Matters are creepers
   (C) Animals are matters
   (D) All of the above

5. (A) Some matters are plants
   (B) Plastics take time to decompose
   (C) Some matters decompose, others do not
   (D) None of the above

**સૂચના (પ્રશ્ન નં. 1 થી 5 માટે) :**

નીચે આપેલો પરિચ્છેદ વાંચો :

કેટલાક દ્રવ્યો કોહવાતા નથી. કેટલાક દ્રવ્યોને કોહવાતા વધુ સમય લાગે છે. બધા છોડ કોહવાય છે. બધી વેલીઓ છોડ છે. પ્લાસ્ટિકને કોહવાતા વધુ સમય લાગે છે. પશુઓને કોહવાતા વધુ સમય લાગે છે.

નીચે આપેલા વિધાનોમાંથી કયું વિધાન ઉપર આપેલા વિધાનો ઉપર આધારિત છે?

1. (A) છોડ દ્રવ્ય છે
   (B) કોહવાય તેવી પ્રત્યેક વસ્તુ દ્રવ્ય છે
   (C) પ્રાણીઓ દ્રવ્ય છે
   (D) ઉપરના બધા જ

2. (A) વેલીઓ કોહવાય છે (B) વેલીઓ દ્રવ્ય છે
(C) કેટલીક વેલીઓ પ્રાણીઓ નથી (D) ઉપરનામાંથી કોઈ નહીં

3. (A) પ્લાસ્ટિક દ્રવ્ય છે (B) જેને કોહવાતા વધારે સમય લાગે તે દ્રવ્ય છે
(C) વેલીઓ કોહવાય છે (D) ઉપરના બધા જ

4. (A) જેને કોહવાતા વધુ સમય લાગે તે દ્રવ્ય છે (B) દ્રવ્યો વેલીઓ છે
(C) પ્રાણીઓ દ્રવ્ય છે (D) ઉપરના બધા જ

5. (A) કેટલાક દ્રવ્યો છોડવાઓ છે
(B) પ્લાસ્ટિકને કોહવાતા સમય લાગે છે
(C) કેટલાક દ્રવ્યો કોહવાય છે, જ્યારે બીજા કેટલાક કોહવાતા નથી
(D) ઉપરનામાંથી કોઈ નહીં

**Directions (Q. Nos. 6 to 10) :**

The following is the data (in crores) for educational expenditure (Ed. Ex.) for the various plan period, population (Pop) and Price Index (PI). [Base–1973—100]. This is purely hypothetical.

| Items | Plan Periods | | | |
|---|---|---|---|---|
| | VI | VII | VIII | IX |
| Ed. Ex. | 17.3 | 28.5 | 37.6 | 38.5 |
| Pop. | 50 | 55 | 61 | 70 |
| PI | 123 | 144 | 189 | 210 |

6. In which plan period the total increase(%) in Educational expenditure was maximum ?
(A) VI (B) VII
(C) VIII (D) IX

7. In which plan the per capita expenditure (without correction for Pop & PI) was the maximum ?
(A) VI (B) VII
(C) VIII (D) IX

8. In which plan the population increase with respect to the preceding plan period was minimum ?
(A) VI (B) VII
(C) VIII (D) IX

9. In which plan the per capita expenditure with PI-100 on education was maximum ?
(A) VI (B) VII
(C) VIII (D) IX

10. In which plan educational expenditure as percent of total allocation was maximum ?
(A) VI (B) VII
(C) VIII (D) IX

સૂચના (પ્રશ્ન 6 થી 10 માટે) :

નીચે વિવિધ યોજના સમયગાળા માટેના શૈક્ષણિક ખર્ચ વિશેના આંકડા (કરોડમાં), વસ્તી-સંખ્યા અને ભાવાંક આપેલા છે. (આધાર 1973-100).

આ માત્ર કાલ્પનિક માહિતી છે :

| વિગત | યોજના સમયગાળો | | | |
|---|---|---|---|---|
| | VI | VII | VIII | IX |
| શૈક્ષણિક ખર્ચ | 17.3 | 28.5 | 37.6 | 38.5 |
| વસ્તી સંખ્યા | 50 | 55 | 61 | 70 |
| ભાવાંક | 123 | 144 | 189 | 210 |

6. કઈ યોજના દરમિયાન શૈક્ષણિક ખર્ચમાં મહત્તમ વધારો (%) થયો?
   - (A) VI
   - (B) VII
   - (C) VIII
   - (D) IX

7. કઈ યોજના દરમિયાન માથાદીઠ ખર્ચ (વસ્તીસંખ્યા અને ભાવાંકના સુધારા વગર) મહત્તમ થયો?
   - (A) VI
   - (B) VII
   - (C) VIII
   - (D) IX

8. કઈ યોજના દરમિયાન પાછલી યોજનાની તુલનામાં વસ્તીવધારો નિમ્નતમ થયો :
   - (A) VI
   - (B) VII
   - (C) VIII
   - (D) IX

9. કઈ યોજના દરમિયાન શિક્ષણ પરનો માથાદીઠ ખર્ચ ભાવાંક 100 પ્રમાણે અધિકતમ થયો?
   - (A) VI
   - (B) VII
   - (C) VIII
   - (D) IX

10. કઈ યોજના દરમિયાન કુલ ફાળવણીના ટકા પ્રમાણે શૈક્ષણિક ખર્ચ અધિકતમ થયો?
    - (A) VI
    - (B) VII
    - (C) VIII
    - (D) IX

11. Which one of the following would be your reaction to the statement "Research leads to wasteful expenditure" ?
    - (A) I agree with the statement
    - (B) I am not sure
    - (C) I disagree with the statement
    - (D) It is true in most of the cases

    ''સંશોધનમાં નિરર્થક ખર્ચ થાય છે''– નીચે આપેલામાંથી આ વિધાન માટે તમારી પ્રતિક્રિયા શું છે?
    - (A) હું આ વિધાન સાથે સંમત છું
    - (B) મને ખાતરી નથી
    - (C) હું આ વિધાન સાથે અસંમત છું
    - (D) મોટા ભાગે આ સાચું છે

12. Which one of the following is most essential for a researcher ?

(A) Genuine interest in Research

(B) Good understanding of Research Process

(C) Adequate interest in and aptitude for Research

(D) Patience and Perseverance

નીચે આપેલામાંથી કઈ બાબત સંશોધક માટે અધિકતમ જરૂરી છે?

(A) સંશોધનમાં યથાર્થ અભિરૂચિ

(B) સંશોધન પ્રક્રિયાની ઊંડી સમજ

(C) સંશોધનમાં પર્યાપ્ત અભિરૂચિ અને અભિવૃત્તિ

(D) ધૈર્ય અને ચીવટ

13. A mature researcher is one —

(A) Whose hypothesis and thesis are identical

(B) Who maintains critical gap between hypothesis and thesis

(C) Who has an open mind about the results

(D) Whose hypothesis is very often rejected

પરિપકવ સંશોધક તેને કહેવાય –

(A) જેની ઉત્કલ્પના અને શોધ સિદ્ધાંત એકસમાન હોય છે

(B) જેની ઉત્કલ્પના અને શોધ સિદ્ધાંત વચ્ચે કટોકટીનું અંતર રહે છે

(C) જે પરિણામો બાબતમાં ખુલ્લું મન રાખે છે

(D) જેની ઉત્કલ્પના ઘણી વાર અસ્વિકૃત થાય છે

14. Which one of the following is the purpose of research ?

(A) to create knowledge (B) to construct reality

(C) to solve problems (D) All of the above

નીચે આપેલામાંથી સંશોધનનો કયો હેતુ હોય છે?

(A) જ્ઞાનનું સર્જન કરવું (B) યથાર્થનું નિર્માણ કરવું

(C) સમસ્યાઓ ઉકેલવી (D) ઉપરના બધા જ

15. Which one of the following tools would yield relatively most valid data ?

(A) Attitude Scale (B) Rating Scale

(C) Opinionnaire (D) Observation Schedules

નીચે આપેલા સંશોધન ઉપકરણોમાંથી કયા વડે મહત્તમ વૈધ આંકડા પ્રાપ્ત થશે?

(A) વલણ માપન સારણી (B) પ્રમાણ માપન સારણી

(C) અભિપ્રાયાવલીં (D) અવલોકન સારણી

16. A person who harbours no absolutes and appreciates logical alternatives adheres to :

(A) Scientific Realism
(B) Positive Relativism
(C) Logical Empiricism
(D) Logical Positivism

જે વ્યક્તિ નિરપેક્ષ સત્યોમાં માનવાને બદલે તાર્કિક વિકલ્પો તરફ ધ્યાન આપે છે તે નીચેનામાંથી કયા વાદના સિદ્ધાંતોને અનુસરે છે?

(A) વૈજ્ઞાનિક યથાર્થવાદ
(B) ધનાત્મક સાપેક્ષતાવાદ
(C) તાર્કિક અનુભવવાદ
(D) તાર્કિક ધનાત્મકતાવાદ

17. 'X' includes 'Y'. 'Y' is included in 'Z'. Therefore :

(A) X is included in Y
(B) Y is included in X
(C) Both are same
(D) All the above are possible

'X' માં "Y" સમાવિષ્ટ છે "Z" માં "Y" સમાવિષ્ટ છે. તેથી :

(A) "X" "Y" માં સમાવિષ્ટ છે
(B) "Y" "X" માં સમાવિષ્ટ છે
(C) બન્ને એકસમાન છે
(D) ઉપરના બધા જ સંભવિત છે

18. You are working on an urgent assignment at night in your study. The assignment has to be submitted the next morning. Suddenly, it is pitch dark in your house. Tick the option that would be your first response to this situation.

(A) Ring up the night duty staff of the electricity office
(B) Check the main fuse
(C) Curse the electricity board and their supply
(D) Check up if there is light in the adjacent houses

તમે તમારા અભ્યાસખંડમાં રાત્રે એક તાકીદનું સોંપાયેલું કાર્ય કરી રહ્યા છો. તે કાર્ય સવાર સુધીમાં સુપ્રત કરવાનું છે. અચાનક તમારા ઘરમાં ઘેરું અંધારું છવાઈ જાય છે. આ પરિસ્થિતિમાં તમારો પ્રથમ પ્રતિભાવ શો હશે?

(A) વિદ્યુત મથકના રાત્રીના સ્ટાફને ફોન કરશો
(B) મૂખ્ય ફયૂઝ ચેક કરશો
(C) વિદ્યુત બોર્ડ અને તેના પૂરવઠાને ગાળો ભાંડશો
(D) પડોશના ઘરોમાં લાઈટ છે કે નહીં તેની તપાસ કરશો

19. The most effective way for a teacher to make his students punctual would be to —

(A) lecture on it every second day

(B) be punctual himself

(C) use teaching aids to make students understand its importance

(D) narrate stories on benefits of punctuality

શિક્ષક માટે તેના વિદ્યાર્થીઓ પાસે સમયપાલન કરાવવાની સૌથી અસરકાર પદ્ધતિ છે –

(A) દર બીજા દિવસે તેના ઉપર વ્યાખ્યાન આપવું

(B) પોતે સમય પાલન કરવું

(C) વિદ્યાર્થીઓ તેનું મહત્વ સમજે તે માટે શૈક્ષણિક સહાયક સામગ્રીનો ઉપયોગ કરવો

(D) સમય પાલનના લાભ વિશે વાર્તાઓ કહેવી

20. Why are many people eager to join teaching profession ?

(A) Teachers serve the entire society

(B) More job opportunities are available in teaching profession

(C) Adequate salary is paid in this profession

(D) Teaching is considered an easy job

અધ્યાપન વ્યવસાયમાં જોડાવા માટે ઘણા લોકો શા માટે આતુર હોય છે?

(A) અધ્યાપકો સમગ્ર સમાજની સેવા કરે છે

(B) અધ્યાપન વ્યવસાયમાં નોકરીની વધુ તકો ઉપલબ્ધ છે

(C) આ વ્યવસાયમાં સમુચિત પગાર આપવામાં આવે છે.

(D) અધ્યાપનને સહેલું કામ માનવામાં આવે છે

21. The most desirable quality in a teacher is —

(A) Mastery of the subject (B) Mastery of teaching competency

(C) Clarity of thought and expression (D) All of the above

એક અધ્યાપકમાં સૌથી વધુ ઈચ્છનીય લક્ષણ છે –

(A) વિષય સજ્જતામાં પ્રભુત્વ (B) અધ્યાપન ક્ષમતામાં પ્રભુત્વ

(C) વિચાર તથા અભિવ્યક્તિની સ્પષ્ટતા (D) ઉપરના બધા જ

22. Which one of the following can be the most effective method for building student's character ?

(A) Lecturing on moral values (B) Teaching about the lives of great men

(C) Living example of a good teacher (D) Praising good character

વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે નીચેનામાંથી કઈ પ્રવિધિ સૌથી વધુ અસરકારક છે?

(A) નૈતિક મૂલ્યો વિશે ભાષણો આપવા

(B) મહાપુરુષોના જીવન વિશે ભણાવવું

(C) એક સારા શિક્ષક તરીકે જીવંત ઉદાહરણ પૂરું પાડવું

(D) શુદ્ધ ચારિત્ર્યની પ્રશંસા કરવી

23. A student comes late to the class daily. You as a teacher would —

(A) pull up the student with sarcastic remarks

(B) not allow the student to enter your class

(C) tell the student to be in time

(D) allow the student to come in quietly

તમારા વર્ગમાં એક વિદ્યાર્થી રોજ મોડો આવે છે. એક શિક્ષક તરીકે તમે –

(A) કટાક્ષપૂર્ણ ટીપ્પણી કરીને વિદ્યાર્થીને ઠપકો આપશો

(B) વિદ્યાર્થીને તમારા વર્ગમાં પ્રવેશવા નહીં દો

(C) વિદ્યાર્થીને સમયસર આવવા કહેશો

(D) વિદ્યાર્થીને ચૂપચાપ અંદર આવવા દેશો

24. Which of the following is the most undesirable for a teacher ?

(A) To be authoritative in the class (B) To humiliate the students

(C) To keep the students at a distance (D) To treat the students as friends

નીચે આપેલામાંથી એક શિક્ષક માટે કઈ બાબત સૌથી વધુ અનિચ્છનીય છે?

(A) વર્ગમાં સત્તાધારી વર્તન કરવું (B) વિદ્યાર્થીઓને ઉતારી પાડવા

(C) વિદ્યાર્થીઓથી અંતર રાખવું (D) વિદ્યાર્થીઓ સાથે મિત્રભાવે વર્તન કરવું

25. When answering a question in class if a student gives wrong response, the teacher should :

(A) correct the student immediately

(B) not put any question to the student

(C) give the correct answer himself

(D) re-direct the same question to another student

જ્યારે કોઈ વિદ્યાર્થી વર્ગખંડમાં કોઈ પ્રશ્નનો ખોટો જવાબ આપે ત્યારે અધ્યાપકે શું કરવું જોઈએ?

(A) વિદ્યાર્થીની ભૂલ તત્કાળ બતાવે (B) વિદ્યાર્થીને કોઈ સવાલ ના પૂછે

(C) પોતે જ સાચો જવાબ આપે (D) બીજા કોઈ વિદ્યાર્થીને તે જ પ્રશ્ન ફરીથી પૂછે

**Direction (Q. Nos. 26 to 30) :**

Read the following text and answer questions **26** to **30** :

Television was, towards the end of the war in Vietnam, the main source of information for most Americans, and the images on screen, in black and white, changed war reporting forever. Morley Safer's expose of American soldiers burning a village had a huge impact on viewers at home, and added to the military's distrust of reporters. In Vietnam, correspondents were made honorary majors (World War II reporters had the momentary rank of captain) and could travel anywhere on military transport if space were available. The only condition : that they could not betray troop movements, a request that was respected. The press battles were over misleading briefings which ran contrary to what the reporters could see for themselves in the field.

To this day, some military men glumly insist that television and the press lost the war in Vietnam by demoralizing the home front. The U.S. military would never again allow such access to its operations as it did in Vietnam.

The tension between the military and the press will never cease, because both need each other but cannot grant the other what it really wants.

વિએટનામ યુદ્ધના અંત સમયે મોટા ભાગના અમેરિકન નાગરિકો માટે ટેલિવિઝન માહિતીનો મુખ્ય સ્રોત બની ચૂકયું હતું –અને પરદા ઉપરની શ્વેત-શ્યામ છબીઓના કારણે યુદ્ધના સમાચાર આપવાની પ્રણાલીમાં આમૂલ પરિવર્તન આવી ગયું. અમેરિકન સૈનિકો એક ગામડું બાળી રહ્યા હતા તેને મોર્લે સૈફરે જે રીતે ખુલ્લુ પાડયું તેની અમેરિકાના દર્શકો પર જબરદસ્ત અસર પડી અને ખબરપત્રીઓ તરફના સૈન્યના અવિશ્વાસમાં ઉમેરો કર્યો. વિએટનામમાં ખબરપત્રીઓને માનાર્હ મેજરની પદવી આપવામાં આવી હતી (બીજા વિશ્વયુદ્ધના ખબરપત્રીઓને તો થોડા સમય માટે કેપ્ટન બનાવવામાં આવ્યા હતા), અને તેઓને સૈન્યના વાહનોમાં જગ્યા ઉપલબ્ધ હોય તો મુસાફરી કરવા મળતી હતી. શરત માત્ર એટલી હતી કે સૈન્યની ટુકડીઓની હિલચાલ વિશેની કોઈ માહિતી તેઓ ઉઘાડી ના પાડી દે, અને તે વિનંતીને સન્માનપૂર્વક સ્વીકારવામાં આવતી હતી. સમાચાર માધ્યમોનો સંઘર્ષ એ બાબતમાંથી ઉત્પન્ન થતો હતો કે ખબરપત્રીઓ જાતે જે કાંઈ જોઈ શકતા હતા તેના કરતાં જૂદી જ માહિતી કયારેક પત્રકાર પરિષદમાં આપવામાં આવતી હતી.

આજે પણ, સૈન્યના કેટલાક લોકો ખિન્ન ભાવે એવો આગ્રહ રાખતા હોય છે કે ટેલિવિઝન અને સમાચાર પત્રોએ જ દેશના લોકોને નિરૂત્સાહ કરી દઈને વિએટનામ યુદ્ધમાં હાર અપાવી હતી. વિએટનામમાં અમેરિકન સૈન્યએ પોતાની ગતિવિધિઓને જેટલી પારદર્શકતાથી જોવા દીધી હતી, તે હવે પછી કયારેક કરવા નહીં દેવાય.

સૈન્ય અને સમાચાર માધ્યમો વચ્ચેના સંઘર્ષ કયારેયં ટાળી નહીં શકાય, કારણ કે બન્નેને એકબીજાની જરૂર તો છે, પરંતુ પ્રત્યેકને જેની ખરેખર જરૂર છે તે અન્યને આપી શકે તેમ નથી.

26. During the Vietnam war, the military started doubting the press because of :

(A) the availability of TV for covering war
(B) the video-cassettes on the war
(C) the war images telecast by American television companies
(D) the television images being black and white

વિએટનામ યુદ્ધ દરમિયાન સૈન્યના લોકો જાહેર માધ્યમો તરફ શંકાશીલ બન્યા કારણ કે :

(A) યુદ્ધના સમાચાર આપવા માટે ટેલિવિઝન પણ ઉપયોગમાં લેવાયું
(B) યુદ્ધ વિશે વિડિયો કેસેટ બનાવવામાં આવી
(C) અમેરિકન ટેલિવિઝન કંપનીઓએ યુદ્ધની છબીઓ પ્રસારિત કરી
(D) ટેલિવિઝન છબીઓ શ્વેત-શ્યામ પ્રકારની હતી

27. What was the major difference between war reporters of World War II and those of the Vietnam war ?

The Vietnam war reporters :

(A) could go to all war fronts
(B) had a higher rank and more facilities
(C) respected their promise
(D) had more disagreements with military authorities

દ્વિતીય વિશ્વ યુદ્ધ અને વિએટનામ યુદ્ધના ખબરપત્રીઓ વચ્ચેનો મુખ્ય તફાવત શો હતો?

વિએટનામ યુદ્ધના ખબરપત્રીઓ :

(A) બધા યુદ્ધ મોરચે જઈ શકતા હતા
(B) ઉચ્ચતર હોદ્દો અને વધુ સારી સવલતો ધરાવતા હતા
(C) પોતાના વચનો પાળતા હતા
(D) સૈન્યના ઉચ્ચ પદાધિકારીઓ સાથે વધારે અસંમત થતા હતા

28. The press battles were the result of :

(A) the difference between the versions of military authority and the war reporters

(B) the different thinking and reporting of different reporters

(C) the press reporters' different views on troop movement

(D) the different press reports of various newspapers

માહિતી સંસાધનો વચ્ચે જે સંઘર્ષ થયો તેના મૂળમાં :

(A) સૈન્યના પદાધિકારીઓ તથા યુદ્ધના ખબરપત્રીઓની સમજણમાં રહેલી ભિન્નતા હતી

(B) વિભિન્ન ખબરપત્રીઓના વિભિન્ન વિચારો તથા અહેવાલો હતા

(C) સૈન્યની ગતિવિધિઓ વિશેના ખબરપત્રીઓના વિભિન્ન અભિપ્રાયો હતા

(D) વિભિન્ન સમાચાર પત્રોના વિભિન્ન અહેવાલો હતા

29. Some military men still believe that America lost the Vietnam war because :

(A) the press reporters betrayed the cause

(B) the mass media made people cry against the war

(C) the television images on war were improper

(D) the army became demoralised

કેટલાક સૈન્યવાળાઓ હજી પણ એવું માને છે કે અમેરિકા વિએટનામ યુદ્ધ હાર્યું તેનું કારણ હતું :

(A) ખબરપત્રીઓએ ગદ્દારી કરી હતી

(B) જાહેર માધ્યમોએ લોકોને યુદ્ધના વિરોધમાં અવાજ ઉઠાવવા તરફ દોર્યા હતા

(C) યુદ્ધ વિશે ટેલિવિઝનમાં જે છબીઓ આવી તે અનુચિત હતી

(D) સૈન્ય હતોત્સાહ થઈ ગયું હતું

30. The tension between the military and the press will continue because :

(A) both of them want to emerge superior

(B) the press opposes the military

(C) the press serves the people and the military is faithful to the state

(D) the press pursues truth in all situations

સૈન્ય અને સમાચાર માધ્યમો વચ્ચેનો તનાવ ચાલુ જ રહેશે, કારણ કે :

(A) તે બન્ને ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવા માગે છે

(B) સમાચાર માધ્યમો સૈન્યનો વિરોધ કરતા રહે છે

(C) સમાચાર માધ્યમો પ્રજાને વફાદાર છે, જ્યારે સૈન્ય રાજ્યને વફાદાર છે

(D) સમાચાર માધ્યમો પ્રત્યેક પરિસ્થિતિમાં સત્યની શોધમાં રહે છે

31. Mark the word that *does not* belong to the group :
(A) Smile (B) Anger
(C) Annoyance (D) Irritation

નીચે આપેલા શબ્દોમાંથી જૂથ બહારનો શબ્દ દર્શાવો :
(A) સ્મિત (B) ક્રોધ
(C) ગુસ્સો (D) ચીડિયાપણું

32. Spot the expression that *does not* belong to the group :
(A) Gnashing teeth (B) Knitting brows
(C) Creased foreheads (D) Smiling eyes

નીચે આપેલા પદોમાંથી કયું પદ જૂથ બહારનું છે :
(A) દાંત કચકચાવવા (B) ભવાં ચઢાવવા
(C) કપાળે કરચલી પડવી (D) આંખોમાં હસવું

**Direction (Q. Nos. 33 to 35) :**

In each of the following questions select the analogous term :

33. Bird : Feather : : Cat : ?
(A) Claw (B) Fur
(C) Ears (D) Skin

34. Heavy : Lead : : Cool : ?
(A) Winter (B) Water
(C) Ice (D) Breeze

35. Air : Animates : : Vitamins : ?
(A) Amino Acids (B) Mineral
(C) Food (D) Health

**સૂચના (પ્રશ્ન 33 થી પ્રશ્ન 35 માટે) :**

નીચે આપેલા પ્રત્યેક પ્રશ્નના ઉત્તરમાં તદનુસાર શબ્દની પસંદગી કરો :

33. પક્ષી : પીંછું : : બિલાડી : ?
(A) પંજો (B) રૂંવાટી
(C) કાન (D) ત્વચા

34. વજનદાર : સીસું : : ઠંડી : ?
(A) શિયાળો (B) પાણી
(C) બરફ (D) લહેર

35. હવા : સજીવ : : વિટામિન : ?
(A) એમિનો એસિડ (B) ખનિજ
(C) ખોરાક (D) સ્વાસ્થ્ય

36. The average age of 32 students is 10 years. If the teacher's age is also included, then their average age increases by one year. What is the teacher's age in years ?
(A) 33 (B) 21
(C) 43 (D) 45

32 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 10 વર્ષ છે. જો શિક્ષકની ઉંમર પણ ઉમેરવામાં આવે તો સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો થાય છે. શિક્ષકની ઉંમર કેટલા વર્ષ હશે?
(A) 33 (B) 21
(C) 43 (D) 45

37. The average weight of a ring is 10 gm which contains gold and copper in the ratio of 9.5 : 0.5. What would be the weight of copper in the ring weighing 8 gms if the same ratio is to be maintained ?

(A) 0.5 gm (B) 0.4 gm

(C) 0.3 gm (D) 3.5 gm

એક વીંટીનું સરેરાશ વજન 10 ગ્રામ છે જેમાં સોના અને તાંબાનું પ્રમાણ 9.5 : 0.5 છે. જો બન્ને ધાતુઓનું પ્રમાણ આટલું જ જાળવી રાખવાનું હોય તો 8 ગ્રામની વીંટીમાં તાંબુ કેટલા ગ્રામ હશે?

(A) 0.5 ગ્રામ (B) 0.4 ગ્રામ

(C) 0.3 ગ્રામ (D) 3.5 ગ્રામ

38. In a garden, there are peacocks and four-footed animals. All these have 98 feet and 35 heads. How many peacocks are there ?

(A) 23 (B) 25

(C) 21 (D) 19

એક બગીચામાં કેટલાક મોર અને ચાર પગ વાળા પ્રાણીઓ છે. તેઓના બધા મળીને 98 પગ અને 35 માથાં થાય છે. ત્યાં કેટલા મોર હશે?

(A) 23 (B) 25

(C) 21 (D) 19

39. Grass looks green because :

(A) The eye responds to the green colour.

(B) The grass reflects only green colour.

(C) Green is one of the primary colours.

(D) Green is not a warm colour.

ઘાસ લીલું દેખાય છે, કારણ કે :

(A) આંખ લીલા રંગને પ્રતિભાવ આપે છે.

(B) ઘાસ માત્ર લીલા રંગનું પરાવર્તન કરે છે.

(C) લીલો રંગ મૂળ રંગોમાંનો એક છે.

(D) લીલો રંગ ઉષ્માભર્યો રંગ નથી.

40. In a coded message FRIEND is written as IOKCQA. Using the same code SPIKER will be written as :

(A) VMLIGT (B) VNHHIV

(C) VMKIHO (D) VNFMHP

એક સાંકેતિક સંદેશામાં FRIEND શબ્દ IOKCQA તરીકે લખાય છે. એ જ સાંકેતિક ભાષામાં SPIKER શબ્દ આ રીતે લખાશે :

(A) VMLIGT (B) VNHHIV

(C) VMKIHO (D) VNFMHP

**Directions (Q. Nos. 41 to 45) :**

In the following questions, you are given a statement. You have to identify it as A—Assumption, B—Fact, C—Hypothesis or D—an opinion, as the case is :

41. Quality of research is dependent on researcher's knowledge of research methodology :

(A) Assumption (B) Fact

(C) Hypothesis (D) Opinion

42. Teaching is an art :

(A) Assumption (B) Fact

(C) Hypothesis (D) Opinion

43. Physical growth of a learner is age related :

(A) Assumption (B) Fact

(C) Hypothesis (D) Opinion

44. Manipulation of independent variable/variables is required in experimentation :

(A) Assumption (B) Fact

(C) Hypothesis (D) Opinion

45. Protein is essential for reconstruction of cells :

(A) Assumption (B) Fact

(C) Hypothesis (D) Opinion

**સૂચના (પ્રશ્ન નં. 41 થી 45 માટે) :**

નીચે આપેલા પ્રત્યેક પ્રશ્નમાં એક વિધાન આપેલું છે. તમારે એ નક્કી કરવાનું છે કે પ્રત્યેક વિધાન A–પૂર્વધારણા, કે B–હકીકત, કે C–ઉત્કલ્પના, કે D–અભિપ્રાય છે :

41. સંશોધનની ગુણવત્તાનો આધાર સંશોધકના સંશોધન પદ્ધતિના જ્ઞાન પર આધારિત હોય છે :

(A) પૂર્વધારણા (B) હકીકત

(C) ઉત્કલ્પના (D) અભિપ્રાય

42. અધ્યાપન એક કળા છે :

(A) પૂર્વધારણા (B) હકીકત

(C) ઉત્કલ્પના (D) અભિપ્રાય

43. અધ્યેતાનો શારીરિક વિકાસ વય આધારિત હોય છે :

(A) પૂર્વધારણા (B) હકીકત

(C) ઉત્કલ્પના (D) અભિપ્રાય

44. પ્રયોગમાં સ્વતંત્ર ચલનો દોરી સંચાર કરવો પડે છે :

(A) પૂર્વધારણા (B) હકીકત

(C) ઉત્કલ્પના (D) અભિપ્રાય

45. કોષિકાઓના પુનર્નિર્માણ માટે પ્રોટીન આવશ્યક છે :

(A) પૂર્વધારણા (B) હકીકત

(C) ઉત્કલ્પના (D) અભિપ્રાય

**Directions (Q. Nos. 46 to 50) :**

Given below is a series of numbers which follows a rule and one number is missing. You have to find that number :

**સૂચના (પ્રશ્ન નં. 46 થી 50 માટે) :**

નીચે સંખ્યાઓની શ્રેણી આપવામાં આવી છે, જે અમુક નિયમો પર આધારિત છે. પ્રત્યેકમાં એક ખૂટતી સંખ્યા ઉમેરવાની છે. તમારે તે સંખ્યા નક્કી કરવાની છે :

46. 1, 3, 5, 7, 11, 13, ....?.... .

(A) 15 (B) 17

(C) 19 (D) 21

47. 3, 15, 35, 77, ....?...

(A) 142 (B) 156

(C) 141 (D) 172

48. 3, 5, 9, 15, 23, 33, 45, ....?... .

(A) 59 (B) 61

(C) 68 (D) 69

49. 4, 2, 5, 1, 6, ....?.... .

(A) 8 (B) 7

(C) 9 (D) 0

50. 1221, 2442, 3663, 4884, ....?....

(A) 6084 (B) 6006

(C) 6000 (D) 5665

## ROUGH WORK

SEAL